વેસુ સફર સ્ક્વેરની લુંટના આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડતી ઉમરા પોલીસ.

સુરત શહેરના ઉમરા પો.સ્ટે. વિસ્તારમાં તા.૧૦/૦૫/૧૯ ના રોજ રાત્રીના અરસામાં એક લાલ કલરની વગર નંબરની એક્ટીવા ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઈસમો આવી વેસુ રોડ ખાતે આવેલ હાઈટેન્શન લાઈનના ટાવર પાસેથી એક ઈસમ પસાર થતા હતા તેને પેટના ભાગે તથા છાતીના ભાગે ચપ્પુ જેવા ઘાતક હથિયાર વડે ઘા મારી, તેની પાસેથી મોબાઈલ ફોન તથા રોકડા રૂપિયા ૩૦૦૦/- તથા પાકિટની લુંટ કરી, નાશી જતા ઉમરા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૫૧/૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૨,૩૯૪,૩૯૭,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો દાખલ થયેલ. જે આરોપીઓની શોધી કાઢવા માટે પો.સ્ટે.ના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એ.એસ.આઈ.મેહુલ દિલસુખરાય તથા HC અનિલ હિલાલભાઈ તથા પો.કો.દિનુભાઈ વિદ્યાસાગર નાઓને મળેલ બાતમી આધારે આરોપી (૧) સદ્દામશા જબ્બરશા જાતે શા ઉ.વ.૨૧ રહે-લીમ્બાયત નુરાની મસ્જીદની પાસે કમરૂનગર નવા ટેનામેન્ટ બિલ્ડીંગ-એ-૫ ત્રીજા માળે રૂમ નં.૧૬, સુરત તથા (૨) ધીરજ ઉર્ફે ધીરૂ મોહનસીંગ ઠાકુર ઉ.વ.૧૮ વર્ષ ૫ મહિના રહે. ઘર નં. ૭૨૨, રામદેવપીર નગર મોરારજી વસાહત રોડ નં.૯, ઉધના બસ સ્ટેશન પાછળ ઉધના, સુરત. મુળ રહે-કાનપુર થાના-કાનપુર (યુ.પી) નાઓને ગુન્હામાં વપરાયેલ ચપ્પુ સાથે પકડી પાડી, ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.